શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૫ • તા. ૩ જાન્યુઆરી થી ૯ જાન્યુઆરી ૨૦૨૬



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## પ.પૂ. શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબની ગૌરવગાથા વિશેષ અંકનું પ્રવીણ લોડાયાના હસ્તે વિમોચન કરાયું



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH DIAMONDS



RAJESH MOMAYA

9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પરિવારનો પાયો વડીલ

પરિવાર નાનો હોય કે મોટો હોય. પણ, પરિવારના સભ્યો નો તાલમેલ, એકબીજા પર વિશ્વાસ અને એકમેક પર સ્નેહ અગાધ હોવો જરૂરી છે. વિચારો ભલે એકમેકથી ભિન્ન હોય, મતભેદ પણ ભલે હોય પણ મનભેદ ન હોવા જોઈએ. પ્રેમ અને લાગણી, વડીલો પ્રત્યે અખૂટ આદર, તેમનો મરતબો જાળવવો એ પરિવારની એક એક ઈંટને જોડતી સાંકળ છે. જે પરિવારને કદી વિખરેવા નથી દેતી.

બહુધા એવું બનતું હોય છે કે યુવાન સભ્યો પોતાની ભૂલ વડીલોથી છુપાવે છે જેની ભૂલ હોય એને ડર હોય છે કે મોટાઓને ઘરમાં ખબર પડી જશે તો મોટી બબાલ થશે. તેમનો ઠપકો સહન કરવો પડશે. ભૂલ છતી થવાના ડરથી પરિવારના સૌની નારાજગી સહન કરવી પડશે નો ગભરાટ હોય. જ્યાં કંઈ ખોટું થયું હોય તેને લીધે પરિવારની નારાજગી ચોક્કસ હોય પણ એ નારાજગી ટૂંક સમયની હોય છે. આવી નારાજગી સંતાનને પોતાની જવાબદારી સમજાવવાની હોય છે. આ નારાજગીમાં બાળકને દુઃખ પહોંચાડવાની કે કોઈ ઈજા, જખમ કે તેનું અપમાન કરવાનો ઈરાદો નથી હોતો. એટલે બાળક નાનો હોય કે યુવા વયનો કે એથી મોટો. પરિવારથી સચ્ચાઈ છુપાવવામાં સમજદારી નથી. કારણ કે ઘણીવાર પોતાના સ્વજનોથી છુપાયેલ ભૂલથી વ્યક્તિ ઊંધે રસ્તે ચડી જાય છે. સારા માર્ગેથી અવળો વળી ખરાબ મારગે ભટકી જાય છે. ઘરની બહાર કોઈના સાંનિધ્યની કે પ્રેમને હૂંફની ભૂખને લીધે ગેરમાર્ગે સંગતે ચડી જાય છે. ખોટી આદતોની રવાડે વળી જાય છે. જે આખરે પતનની ખાણ સાબિત થાય છે. આવા સંતાનો સમજી લે કે પોતાના સ્વજન નિઃસ્વાર્થ ભાવે નારાજ થાય છે. તેમની નારાજગી પરપ્રીત બતાવતી વ્યક્તિઓ કરતાં હજાર ગણી પાવન હોય છે. ભૂલોમાંથી યોગ્યને સાચા માર્ગે દોરનારી હોય છે.

વડીલોના દરેક બોલ, દરેક વ્યવહાર સંતાનોના હિતકર માટે હોય છે. જ્યાં સાચો અને નિર્દોષ પ્રેમ હોય ત્યાં હકથી નારાજગી પણ દર્શાવાય છે. એનો એ મતલબ નથી કે દરેક દવા મીઠી શરબત જેવી હોય. પ્રેમનો મતલબ એ નથી કે દરેક વખતે મીઠા મધુર બોલ જ બોલાય. વડીલો સંતાનોના શ્રેય માટે તેને સુધારવા માટે વઢે છે. તો વહાલ પણ કરે છે. વડીલોની જવાબદારી દરેક સભ્યોને એક તાંતણે જોડી રાખવાની હોય છે. કોઈ નરમ સ્વભાવનો હોય, કોઈ ગરમ મિજાજના, કોઈ ગભરુ હોય, ડરપોક તો કોઈ, હિંમતવાન, કોઈ શાંત સ્વભાવનો હોય તો કોઈ ઉગ્ર મિજાજનો. દરેકનું મહત્વ, તેના મનોવલણને સમજી દરેકને જોડી રાખવાની કુનેહ ભરી જવાબદારી બજાવવાની હોય છે. આવી પ્રત્યેક પળોમાં તેમની કસોટી થાય છે. આમાં નાના મોટાનો સાથ, સહયોગ અને સબળ ટેકો મળે તો આખરે પરિવાર મજબૂતને સશક્ત થાય છે.

અગાઉના સંયુક્ત કુટુંબ વિખરાઈ વિભક્ત થઈ ગયા છે, થતાં જાય છે. સંયુક્ત કુટુંબનો ફાયદો એ થતો કે એમાં દરેક સ્વભાવના, દરેક પ્રકૃતિના સભ્યો નભી જતાં. વડીલોની મુત્સદગીરી પરિવારને જોડી રાખવામાં મોટો ભાગ ભજવતી હતી. અગાઉ ભણતર ઓછું પણ ગણતર વધુ હતું જેને લીધે વડીલો દીર્ઘ વિઝન ધરાવતા હતા જેને લીધે પરિવાર અતૂટ, અખંડ અને દરેક રીતે ઉન્નત રહેતા હતા.

– જ્ઞાતિમૈયા

# સ્ત્રીના શોખ

શોપિંગ કરવી અને ગપસપ કરવી દરેક સ્ત્રીઓની પસંદગી છે. પુરૂષ સ્વભાવે અંર્તમુખી છે. તે જલદીથી કોઈની સમક્ષ ખૂલ્લી શકતો નથી. અજાણ્યા સાથે સહેજે પરિચય કે ઓળખ કરી હળીમળી જતો નથી. પણ સ્ત્રી કોઈપણ અજાણી સ્ત્રી સાથે પણ એ રીતે હળીમળી જાય છે. જાણે વર્ષો જૂનો નાતો હોય. ટ્રેન કે બસમાં પ્રવાસ દરમ્યાન આ વસ્તુ બહુધા જોવા મળી જાય છે. લોકલ ટ્રેનમાં જનરલ કમ્પાર્ટમેન્ટમાં પછી એ ફર્સ્ટ ક્લાસનો હોય કે સેકન્ડ ક્લાસનો. એમાં સર્વ સામાન્ય રીતે એવો નિયમ પળાય છે કે જે સૌથી પહેલાં ઊભો હોય એ પ્રવાસી વચ્ચેના સ્ટેશનો દરમ્યાન ખાલી થયેલી સીટ પર બેસે. આવું સામાન્યપણે જનરલી નિયમ પળાય છે. જ્યારે લેડિઝ કમ્પાર્ટમેન્ટમાં ઊભી રહેલ પ્રવાસી સીટ પર બેસેલી મહિલા પ્રવાસીને તે ક્યાં ઉતરવાની છે એ પૂછે અને આવનારા નજીકના સ્ટેશને એ સીટ ખાલી થવાની હોય તો કહી દયે કે તમારી સીટ મને આપજો. આમ અગાઉથી સીટ બુક કરી લે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ટૂંકા કે લાંબા પ્રવાસ દરમ્યાન પુરૂષો અતડા થઈ બેઠાં હોય પણ સ્ત્રીવર્ગ પહેલાં તો સ્માઈલ આપી સંવાદ કરવાનો મારગ બનાવી લે. પછી સામે વાળી સ્ત્રી સાથે નાનો બાળકો હોય તેની સામે હસે, બોલાવે અને તેનું નામ પૂછે. એ પછી મહિલાને ક્યાં જવું છે, ક્યાં રહો છો થી વાતચીતનો પ્રારંભ કરે છે. પછી પરિવાર, જ્ઞાતિ-ગામ, દેશ અને પ્રદેશની વાતોનો અખંડ સિલસિલો છેવટ સુધી ચાલતો રહે છે. જમવાના ડબ્બા ખૂલ્લે એટલે વાનગીઓની આપલે થાય. આમ આ સરળતા અને સહજતા વ્યવહાર સ્ત્રીવર્ગમાં હોય છે. આ સામાન્ય શોખ અને સ્વભાવ સ્ત્રીની ખાસિયત છે.

બીજો શોખ શોપિંગનો તેમને હોય છે. બજારમાં સામાન્ય રીતે ઘર માટે જરૂરી ચીજ-વસ્તુઓની હોય કે સુપર માર્કેટ કે મોલમાં શોપિંગની. શોપિંગ પસંદ ન હોય એવી સ્ત્રી-મહિલા ભાગ્યે જ મળે. 'ચાલ શોપિંગ કરવા જઈએ.' એ કાને સંભળાય એ માટે તેમને તલસાટ રહે છે. બહુધા પતિઓને પત્ની સાથે ખરીદી કરવાનું પસંદ હોતું નથી. કારણ કે ખરીદી માટે પત્ની એટલો સમય વ્યય કરે છે કે પુરૂષ ત્રાસી જાય છે. ત્યારબાદ બિલની રકમ ચુકવા નવ નેજાં પાણી ઊતરે છે. પુરૂષને ખરીદીમાં કંટાળો વર્તાય છે પણ મહિલાને ખરીદીમાં મજા મળે છે. તેને ખરીદીમાં આનંદ, મનોરંજન અને રસ્તા પર ખરીદી કરવા ભાવની રકઝક કરવાથી તેને ભાવનાત્મક સંતોષ મળે છે. ખરીદી કરેલ ચીજ વસ્તુઓ આજુબાજુવાળાઓને બતાવે, ફોન ઉપર સ્નેહીજનોને જણાવે. આમ દરેક પાસેથી સારા અને પ્રશંસાત્મક વાક્યો સાંભળવા માટે બેળે બેળે પ્રયાસ કરે છે.

સ્ત્રીઓ માટે ગોસિપ કે ગપસપ કરવી એ માનસિક મૂંઝવણ વ્યથા અને પરેશાની માટેનો ઈલાજ. હૈયાની વરાળ બહાર ઠાલવી દેવાનો મારગ છે. જ્યારે શોપિંગ એટલે ઘરની ચાર દિવાલમાંથી થોડો સમય આઝાદ થવાનો, સંબંધ કે વ્યવહારમાંથી આવેલા તણાવ અને નકારાત્મક લાગણીઓમાંથી ધ્યાન હટાવવાનો કે તેનો સામનો કરવાનો એક આસાન ઉપાય બને છે. સંશોધકો એવું જણાવે છે કે મોટા ભાગે ઘરની ખરીદી સ્ત્રીઓને હસ્તક હોય છે. પૈસાની બચત થાય, ગુણવતા ધરાવતી ચીજવસ્તુઓ આવે તે પ્રત્યે તેનું વલણ હોય છે. પસંદગીની વસ્તુઓ સસ્તી, વ્યાજબી ભાવે મળે એ માટે સતત મથતી રહે છે, ગજા ઉપરાંત વલખાં મારતી હોય છે.

ખરીદી ઘેલી સ્ત્રી માટે એક એવી જોક પ્રચલિત છે કે સ્ત્રી ખરીદી કરીને જે રકમ બચાવે છે એ પાણીપુરીની પ્લેટ ઝાપટીને કે બર્ગર, ફ્રેન્કી કે પિઝાની મિજબાની કરીને ખર્ચી નાખે છે અને હિસાબ સરભર કરી દે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ. શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબની ગૌરવગાથા વિશેષ અંકનું પ્રવીણ લોડાયાના હસ્તે વિમોચન કરાયું




પોષ સુદ ૧૨ તિથિ દિને મંગળવાર તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના દેવલાલી મુકામે દીર્ઘ સંયમી બાલ બ્રહ્મચારી પ્રવૃર્તિની મહત્તરા સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા. તેમના દીક્ષા પર્યાયના ૬૭ વર્ષ પૂર્ણ થયા તે અવસર પ્રસંગે સમસ્ત મહાજન દ્વારા તેમના આ પદાસિન પર્વને લક્ષમાં લઈ જ્ઞાતિમૈયાનો વિશેષ અંકનું પ્રકાશન કરાયું તેનું વિમોચન સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ હંસરાજ લોડાયાના હસ્તે વિમોચન કરાયું હતું.

પૂજ્યશ્રી એ પોતાના નવ ઠાણા સાથે તથા અન્ય સાધ્વીજી ભગવંતોએ જેમાં મુખ્યત્વે પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ અને અન્ય સાધ્વીજીએ પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. પૂજ્યશ્રીના સાંસારિક પક્ષે આ કાર્યક્રમ હોવાથી આણંદ પરિવારના ઘણા સભ્યો ઉપસ્થિત હતા. અન્ય શ્રેષ્ઠીગણમાં કચ્છી વિશા ઓસવાળના બિપિનભાઈ ગંગર, રસિકભાઈ વિગેરે હાજર રહ્યાં હતાં.

કુમારભાઈ દંડે પ્રાંસગિક ઉદ્‌બોધન કરી સૌને હરખભેર આવકાર આપ્યો હતો. ત્યારબાદ પ્રવીણભાઈ લોડાયાએ જ્ઞાતિમૈયાના વિશેષ અંકનું વિમોચન કર્યું હતું અને પોતાના ઉદ્‌બોધનમાં પૂજ્ય સાહેબજી માટે જ્યારે ડુમરામાં વૈયાવચ્ચ માટે રહ્યાં હતા તે બાબતનો આત્મીયપણે ઉલ્લેખ કર્યો હતો અને ભાવપૂર્ક સંભારણા કર્યા હતાં. સાહેબજી પાંચ દાયકા અગાઉ જેવા હતા તેવા જ આજે છે.

કાર્યક્રમ બાદ સૌએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો. ઉપસ્થિત રહેલ સૌએ સમસ્ત મહાજનના આ કાર્યને ભરપૂર બિરદાવી હરખ વ્યક્ત કર્યો હતો.



# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એક્મ

કાર્યાલયઃ- પ્લોટ નં.૫૯, સેક્ટર નં. ૧/એ ગાંધીધામ (કચ્છ). મો. : ૯૮૨૫૧૩૮૧૦૩

## તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૧-૦૩-૨૦૩૧ ની મુદત માટે નવી કમિટીની ચૂંટણી માટે જાહેરાત

**આદરણીય સભ્યશ્રીઓ**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે આપ સૌના સાથ સહકારથી આપણી સંસ્થા ની વર્તમાન કારોબારી કમિટી પોતાના કાર્યકાળના પાંચ વર્ષ પૂર્ણ કરવા જઈ રહેલ છે જે મુદત ૩૧.૦૩.૨૦૨૬ ના પૂર્ણ થાય છે.

**સંસ્થાની આગામી પાંચ વર્ષ માટે નવી કમિટીની રચના કરવાની હોઈ નીચે મુજબની પ્રક્રિયા કરવાની થાય છે.**

૧. ઉમેદવારી નોધાવવા ફોર્મ કાર્યાલયથી તા.૧.૧.૨૦૨૬ થી મળી શકશે. (સાંજે ૫ થી ૭ રજાના દિવસ સિવાય)

૨. ઉમેદવારી પત્રક જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૧.૦૧.૨૦૨૬ (સાંજે ૫.૦૦ થી ૭.૦૦ રજાના દિવસ સિવાય)

**ઉપરોક્ત કાર્યવાહી માટે નીચે મુજબના ૩ સભ્યોની ચુંટણી કમિટીની નિમણુક કરવામાં આવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મધુકાંત જવેરચંદ શાહ | - ગાંધીધામ | ૯૮૭૯૦ ૧૨૬૪૨ |
| ૨. | શ્રી વિશાલ પદમશી લાલકા | - ગાંધીધામ | ૯૮૨૫૩ ૬૨૬૨૦ |
| ૩. | શ્રી નિલેશ લખમશી મોતા | - નલિયા | ૯૯૭૯૯ ૧૯૩૦૦ |

ચુંટણી પ્રક્રિયા અંગે આખરી નિર્ણય ચુંટણી કમિટીનો રહેશે જે સર્વે સભ્યોને બંધનકર્તા રહેશે. અન્ય કોઈ પણ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

**ખાસ નોધઃ**

કચ્છ એક્મના નોંધાયલા સભ્યો જ કારોબારી કમિટી માટે ઉમેદવારી કરી શકશે

આભાર સાથે આપનો જ

**લહેરચંદ આણંદજી ખોના - માનદ મંત્રી**

# સંજીવની કેસ નં.૨૧૭ માટે જરૂરી રૂા.૨ લાખ ટૂંક સમય દરમ્યાન ક્રાઉડ ફંડિગ દ્વારા જમા થઈ ગયા




નાની સિંધોડી હાલ ડોંબિવલીના ૭૪ વર્ષીય શ્રીમતી મણિબેન મણિલાલ ધરમશીની તબીબી સ્થિતિ પ્રમાણે ખૂબજ હાઈબ્લડપ્રેશર-એક્સિલરેટેડ હાઈપરટેન્શન સાથે એન્સેફાલોપથીમાં અચાનક વધારો થવાને કારણે તેમજ આ પ્રસ્તુત વાતો કરતાની સાથે બેચેની અનુભવતા હોવાને લીધે તાત્કાલિક રીતે હોસ્પિટલાઈઝ કરવા પડ્યા હતા.

તેઓ કચ્છમાં રહેતા હતા. પુત્ર પત્ની અને પરણિત બે પુત્રીઓ સાથં ડોંબિવલીમાં રહે છે. જ્યારે એક પુત્રી અભ્યાસ કરે છે. પુત્ર પોતે શ્રી શક્તિ એન્ટરપ્રાઈઝમાં કેશિયર તરીકે ફરજ ઉપર છે અને લઘુતમ વેતન મેળવે છે. પરિવાર કોઈ મેડિક્લેઈમ ધરાવતો નથી. આ પરિસ્થિતિમાં પરિવારને સારવાર-ઈલાજ માટે ડૉક્ટરો તરફથી અપાયેલ અંદાજિત ખર્ચ રૂા.૨ લાખ જમા કરવાનો પડકાર સામે આવી ઊભો રહ્યો. જેમાંથી ઉગરવા ધરમશી પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી મૂકી જે માટે રકમ એકઠી કરવા ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

દરેક અરજીઓની જેમ ટૂંક સમયમાં મોકળા મને પ્રતિસાદ મળતા જરૂરી રકમ રૂા.૨ લાખ જમા થઈ જતા ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. દરેક કેસ અરજીઓની જેમ કેસ નં.૨૧૭ને વ્યક્તિગત દાતાઓ, મહાજન, ટ્રસ્ટ, એકમો, સંસ્થા, મંડળોએ જે માનવતા ભર્યો પ્રતિસાદ આપ્યો છે જે ધન્ય ધન્ય ભાવ જગાવે છે. સૌ સહયોગકર્તાઓની ખૂબ ખૂબ અનુમોદના.

# નવા વર્ષના પ્રારંભે સંજીવની કેસ નં. ૨૧૮ અને ૨૧૯ માટે જરૂરી રૂા.૬.૨૫ લાખ જમા કરવાનો પડકાર ક્રાઉડ ફંડિંગ દ્વારા સમયસર પૂરો થયો




કચ્છ જખૌ હાલે ભુજોડી-માધાપર રહેતા ૬૦ વર્ષીય હેમંત હીરાલાલ જીવાણીને CVA સેરેબ્રોવસ્ક્યુલર એક્સિડન્ટ અર્થાત મગજના સ્ટ્રોક આવ્યો અને પેટમાં દુ:ખાવો, તાવ, ઉલ્ટી પણ થતી હતી તેથી ઈર્મજન્સી હાલતમાં હોસ્પિટલમાં એડમીટ કરાયા ડૉક્ટરોએ થ્રોમ્બોટિક થ્રોમ્બોસાયટોપેનિક પુરપુરા-TTP હોવાનું નિદાન કર્યું. જેની સારવાર રૂા.૫૫ હજાર અંદાજિત ખર્ચ થશે નો ખ્યાલ આપ્યો.

તેઓ પત્ની અને ૨૮ વર્ષના પરિણીત પુત્ર સાથે રહે છે. દર્દી પોતે પેટ્રોલ પંપ કામ કરતા હતા અને લઘુતમ વેતન રળતા હતા. પુત્ર પણ રોજગાર મેળવે છે. પરિવારના કોઈ મેડિક્લેઈમ નથી. માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતા જીવાણી પરિવાર પર આકસ્મિક ખર્ચનો બોજ આવી પડ્યો. જેમાંથી ઉગારો થાય એ કાજે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનોને આધારરૂપ એવી સંજીવની યોજનામાં અરજી મૂકી જેને કેસ નં.૧૨૮ અપાયો. વર્ષ ૨૦૨૫ના અંતિમ દિવસો દરમ્યાન આ ઉપરાંત અન્ય કેસ પણ આવ્યો.

કચ્છ સુથરી હાલે છત્તીસગઢ રાજ્યના ભાટાપારા નિવાસી ૨૨ વર્ષીય ગૌતમ ડાકેશ ધરમશીને છેલ્લાં ૫ દિવસથી સખત માથાનો દુ:ખાવો થવાની સાથે ચક્કર આવતા હતા અને તાવ પણ હતો. જેને કારણે તેમને તાત્કાલિક રીતે રાયપુરની હોસ્પિટલમાં ઈમર્જન્સી પરિસ્થિતિમાં હોસ્પિટલાઈઝ કરવા પડ્યા. ડૉક્ટરોએ તપાસી ટેસ્ટ રિપોર્ટ કઢાવ્યા. જેનો અભ્યાસ કરી ગૌતમ ધરમશીને તીવ્ર મેનિન્ગો એન્સેફાલીટીસ-મગજના ચેતાતંત્રનો વિકાર ક્ષય રોગ હોવાનું નિદાન કર્યું જેના ઈલાજ માટે રૂા.૫.૭૦ લાખનો અંદાજિત ખર્ચ હોવાનું કહ્યું.

# નવા વર્ષના પ્રારંભે સંજીવની કેસ નં. ૨૧૮ અને ૨૧૯ માટે જરૂરી રૂા.૬.૨૫ લાખ જમા કરવાનો પડકાર ક્રાઉડ ફંડિગ દ્વારા સમયસર પૂરો થયો




દર્દી પોતે માતા-પિતા, કાકા, ફુઈ અને તેમના પુત્ર સાથે રહે છે. છ જણનો પરિવાર પિતા ઘર બેઠે ટિફિન સપ્લાયનો નાનો વ્યવસાય કરી ગુજરાન મેળવે છે. ફુઈ થોડા વર્ષો અગાઉ લકવા ગ્રસ્ત છે. યુવક પોતે ૧ વર્ષથી રાયપુરમાં કાપડની દુકાનમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતાં લઘુતમ વેતન મેળવે છે. આમ પરિવારનું ગુજરાન બેળેબેળે ચાલે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ મેડિક્લેઈમનું પીઠબળ. આવી આર્થિક પરિસ્થિતિમાં રૂા.૫.૭૦ લાખ જમા કરવાની તાણ આવી પડી જેનાથી ઉગરવા ધરમશી પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ સંજીવની યોજના અંતર્ગત અરજી મૂકી. જેને કેસ નં.૨૧૯ તરીકેની ઓળખ અપાઈ.

ઉપરોક્ત બંન્ને સંજીવની કેસ નં.૨૧૮ માટે રૂા.૫૫ હજાર તથા કેસ નં.૨૧૯ માટે રૂા.૫.૭૦ લાખ મળી કુલ્લ ૬.૨૫ લાખ માટે અલગ અલગ રીતે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

ઈસુના નવા વર્ષ ૨૦૨૬ના પ્રારંભના દિવસે જ જ્ઞાતિના ઉદારજનોએ દયા, કરૂણા અને બંધુત્વ ભાવના દર્શાવી નોંધપાત્ર સમયગાળામાં જ જરૂરી રકમ જમા થઈ જવાથી ક્રાઉડ ફંડિગ બંધ કરાયું.

વિશ્વમાં સર્વત્ર નવા વર્ષની ઉજવણીનો ઉત્સાહ-ઉમંગનો માહોલ ત્યારે જ્ઞાતિના કોક પરિવાર જ્યારે ગમગીન હોય, શાંત અને દુઃખી હોય, પીડા અને કષ્ટમાં ડૂબેલા હોય ત્યારે ખરી માણસાઈ એ છે કે ભલે તેઓની પીડા, દુઃખ, યાતના આપણે સ્વીકારી ભાગદાર ન થઈ શકીએ પણ તેમને આત્મીય હૂંફ, સ્નેહાળ હાથ અને મદદ ભર્યો સાથ આપીએ એ પણ ગણું છે. આવી ભલી લાગણી જ્ઞાતિના વ્યક્તિ દાતાઓ, મહાજન, એકમ, મંડળ, ટ્રસ્ટ ઈત્યાદીએ હરહમેંશની જેમ દર્શાવી છે એ સરાહનીય છે. આવી ભલી અને ઉત્તમ લાગણી દર્શાવનાર સૌ દાતાજનોની ભરપૂર ભૂરી ભૂરી અનુમોદના.

# સંજીવની કેસ નં.૨૨૦ તથા ૨૨૧ માટે જરૂરી રૂા.૧.૨૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 220

**DONATION CLOSED**

## Ms TILOTTAMA SHIVJI KURVA

Age 64 Yrs., Mulund - Godhra

**She got hospitalised for Wound Debridement with VAC dressing ( Vaccum Assisted Closure) Hypertension, uncontrolled Diabetes.**




**DONATION CLOSED**

**Rs 1 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

૬૪ વર્ષીય કચ્છ ગોધરા હાલે મુલુંડમાં રહેતા શ્રીમતી તિલોતમા શિવજી કુરૂવાને VAC ડ્રેસિંગ સાથે જખ્મના સર્જરી માટે હોસ્પિટલાઈઝ કરવા પડ્યયા. તે સાથે તેમને હાયપર ટેન્શન અનિયંત્રિત ડાયાબિટીસ અને આંતરડાના છિદ્ર સર્જરી દ્વારા પેરીટોનાઈટિસની તકલીફ પણ હતી.

દર્દી અપરિણીત છે અને એકલા રહે છે. તેમની માતાનું સાત વર્ષ અગાઉ અવસાન થયેલ. જ્યારે પિતાને બચપણ અવસ્થામાં ગુમાવેલ હતા. તેણીને પરિણીત ચાર બહેનો છે. તેઓ પોતાને કોઈ આવકનો સ્ત્રોત નથી. તેઓની કોઈ બચત નથી કે નથી કોઈ મેડિક્લેમ વીમાનો સપોર્ટ આવી વિકટ પરિસ્થિતિમાં સારવાર ઈલાજ માટે અંદાજિત ખર્ચ રૂા.૧ લાખ જમા કરવાનો બોજો આવી પડ્યો.. જેનાથી ઉગરવા તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી સબ્મીટ કરી જે માટે ક્રાઉડ ફંડિગ ખૂલ્લુ કરાયું.

# સંજીવની કેસ નં.૨૨૦ તથા ૨૨૧ માટે જરૂરી રૂા.૧.૨૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું

આ સમયગાળામાં જ અન્ય એક અરજી આવી. જે મુજબ સેવક ભરૂડીયા હાલે મુલુંડના ૪૬ વર્ષીય શ્રીમતી શીતલ કલ્પેશ ધુલ્લા જેમને છેલ્લા ૨ વર્ષથી આર્યનની ઉણપ સાથે એનિમિયા છે. Hb 5.9 gm/dl માત્રામાં હોવાથી આર્યન ઈન્જેકશન સાથે બ્લડ ટ્રાન્સફ્યુઝનની જરૂર હોવાનું નિદાન ડોક્ટરોએ કર્યું. જે માટે અંદાજિત ખર્ચ રૂા.૨૦ હજાર થવાની ગણત્રી આપી.

દર્દી પતિ અને ૧૧ ધોરણમાં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય સાથે રહે છે. તેઓ ઘરેથી ટિફિનના ઓર્ડર લે છે. જ્યારે પતિનો હાર્ડવેર પેઈન્ટ બ્રશ સપ્લાયનો વ્યવસાય હતો. જે કેટલાક વર્ષોથી ખોટનો સામનો કરી રહ્યો છે. જેને કારણે દેવું થઈ ગયું છે. પરિવારની કોઈ બચત નથી કે નથી મેડિક્લેઈમનો કોઈ આધાર. બેળેબેળે ગુજરાન ચલાવતા પરિવારને સારવાર ખર્ચ માટેની જોગવાઈ કરવાની જવાબદારી આવી પડી. જેનાથી બચાવ થાય એ માટે ધુલ્લા પરિવારએ મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી જે માટે ક્રાઉડ ફંડિગ ઓપન કરાયું.

નવા કેલેન્ડર વર્ષના શરૂઆતના દિવસોમાં રજિસ્ટ્રર થયેલા આ બંન્ને અરજી કેસ નં.૨૨૦ માટે રૂા.૧ લાખ અને કેસ નં.૨૨૧ માટે રૂા.૨૦ હજાર મળી કુલ્લ રૂા.૧.૨૦ની સંયુક્ત નોંધપાત્ર સમયગાળામાં જ ભરપાઈ થઈ જતાં બંન્ને કેસ માટેના ક્રાઉડ ફંડિગ બંધ કરી દેવાયા.

આપણમાં મુકાયેલા જ્ઞાતિ પરિવારોને સમયસર અને ઉચિત રીકે મદદ પહોંચાડી શકાય એ માટે તત્પર રહેતા માનવતા ભર્યું વલણ રાખવા નાના મોટા દરેક દાતાઓ, સંજીવની પેટ્રોન, મહાજન, ટ્રસ્ટ, એકમ, મંડળોનો ખૂબ ખૂબ આભાર.


શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ



KDO SANJIVANI

કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# અંતરજાળ મહાવીરનગર વિમલનાથ જિનાલયની ૧૩મી વર્ષગાંઠ ઉજવાઈ







આદિપુર અંતરજાળનાં મહાવીરનગર મધ્યે શ્રી વિમલનાથ ગૃહ જિનાલયની ૧૩મી વર્ષગાંઠની ઉજવણી શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર દ્વારા પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ. સા.,આદિઠાણાની શુભપાવન નિશ્રામાં ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ધાર્મિક આરાધનાઓ સાથે કરાઈ હતી.



માતુશ્રી ભચીબાઇ પદમશીં ખીયશીં લોડાયા હસ્તે સ્વ. જયાબેન શાંતિલાલ લોડાયા મૂળ ગામ સાંયરા હાલે ગાંધીધામ-મુલુંડ પરિવારે સ્વદ્રવ્યથી આ જિનાલયનું નિર્માણ કરાવી શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુરને અર્પણ કરેલ, ત્યારથી આ જિનાલયની વર્ષગાંઠ નિર્માણ દાતાશ્રી પરિવાર દ્વારા ઉજવાતી આવે છે.

આ પ્રસંગે પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, આપણે પુણ્યશાળી છીએ કે, પરમાત્મા મહાવીરસ્વામિના શાસનને પામ્યા છીએ. ત્યારે સાચા અર્થમાં પરમાત્મા બનીએ. મહાવીરનગરમાં હવે મોટા ઉપાશ્રયની જરૂરત છે. જે માટે દાતાશ્રીઓ દાનની સરવાણી વહાવે. તેવું જણાવ્યું હતું.

જિનાલયની ૧૩મી ધ્વજા રોહણ પ્રસંગે સતરભેદી પૂજા યોજાઈ હતી. ત્યાર બાદ શ્રી વિમલનાથ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજા રોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિવિધાન શ્રી રાજાભાઈ નંદુએ જયારે સંગીતની રમઝટ નિકેશભાઇ દેઢીયા એન્ડ પાર્ટીએ જમાવેલ. ફાલ્ગુની ધીરેન છેડા, અલ્પા એસ. લોડાયાએ ચામર નૃત્યની રમઝટ જમાવેલ.

# અંતરજાળ મહાવીરનગર વિમલનાથ જિનાલયની ૧૩મી વર્ષગાંઠ ઉજવાઈ







આ પ્રસંગે શાંતિલાલભાઈ લોડાયા, ધીરેન છેડા, ક્રિષ્વા છેડા, પંકજ ધરમશી, ચેતના-સંગીતા મોમાયા, પ્રવિણભાઇ નાગડા, મહેશભાઇ લાલકા, લહેરચંદભાઇ ખોના, મીતેશભાઇ ધરમશીં, પ્રવિણભાઇ દંડ, પ્રબોધ મુનવર, ઝવેરચંદ ખોના, ગુલાબભાઇ ધરમશી, શૈલેષ નાગડા, પારસમલ નાહટા, કલ્પેશ મોમાયા, અરુભા ધ્રોળ, જીતુભાઇ છેડા, પ્રતાપભાઇ મોતા, અરવિંદ મોતા, કિશોર મોતા તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રભુ ભક્તિમાં જોડાયા હતા. બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી ભચીબાઈ પદમશીં લોડાયા હસ્તે જયાબેન શાન્તીલાલ લોડાયા પરિવાર દ્વારા યોજાયું હતું.

આ પ્રસંગે અબડાસાના સાંયરા ગામે સાધર્મિક ભક્તિ, શ્વાનોને લાપસી, પક્ષીઓને ચણ, ગૌમાતાને ઘાસચારો, માનવજ્યોત સંસ્થા ભુજનાં માનસિક દિવ્યાંગોને મિષ્ટાન સાથેનું ભોજન જેવા સેવા કાર્યો માતુશ્રી ભચીબાઈ પદમશીં લોડાયા હસ્તે જયાબેન શાંતિલાલ લોડાયા પરિવાર દ્વારા કરવામાં આવેલ.

સમગ્ર વ્યવસ્થા શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર તથા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામ, મહેશ લાલકા, લહેરચંદ ખોના, શાંતિભાઇ લોડાયા મિત્ર મંડળ-ગાંધીધામ, મહાવીર નગર મહિલા મંડળ તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સંભાળી હતી.

# પ્રાચીન શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થે અઠ્ઠમ તપોત્સવ પ્રસંગે ૩૦૦ તપસ્વીઓ અઠ્ઠમ તપની આરાધના કરશે

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા પ્રાચીન શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થે અઠ્ઠમ તપોત્સવની ધાર્મિક આરાધનાઓ સાથે પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા., પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ. સા., પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ. સા., પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ. સા. તથા શ્રમણ-શ્રમણીવૃંદની શુભ પાવન નિશ્રામાં તા. ૮-૧-૨૦૨૬ થી ૧૧-૧-૨૦૨૬ સુધી ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. આ અઠ્ઠમતપોત્સવમાં ૩૦૦ તપસ્વીઓ જોડાયા છે. અઠ્ઠમતપનાં સંપૂર્ણ આયોજનનો લાભ માતુશ્રી હેમલતાબેન નલીનકાન્ત પદમશીં લોડાયા (પીર) સુથરી-મુલુંડ તથા માતુશ્રી વિમલાબેન ઠાકરશીં લાલજી લોડાયા (પટેલ) સાંધવ-મુલુંડ પરિવારોએ લીધેલ છે.

તા. ૮-૧ સવારે ૯ વાગે શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક, શાંતિધારા અષ્ટોતર અભિષેક, બપોરે ૩ થી ૪ જિનવાણી, તા. ૯-૧ ના સવારે ૯ વાગે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, તા. ૧૦-૧ નાં સવારે ૯ વાગે શ્રી મહાવીર સ્વામિ મહાપૂજન, બપોરે અઠ્ઠમતપનાં તપસ્વીઓની અનુમોદના, તા. ૧૧ સવારે ૮ વાગે તપસ્વીઓના પારણા તથા રાત્રે ભાવના વિગેરે કાર્યક્રમો યોજાયા છે.

વિધિવિધાન વિધિકાર શ્રી કેવલભાઇ સાવલા, જયારે સંગીતની રમઝટ કૌશીકભાઇ બારોટ પાલીતાણા વાલા જમાવશે.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇનાં ચેરમેન જયેશભાઇ જૈન, વાઇસ ચેરમેન ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા, પ્રમુખ વિપુલ પટેલ, ઉપપ્રમુખ વીરેન્દ્ર લોડાયા તથા ગ્રુપના સર્વે કાર્યકર ભાઇ-બહેનો અઠ્ઠમતપોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# હુબલી સંઘમાં મહારાજ સાહેબની ૧૩મી દીક્ષાતિથિ અવસરે શ્રી ઋષી મંડલ સ્ત્રોત અભિષેકની ધર્મ આરાધના કરાઈ





તા.૩૦ ડિસેમ્બર મંગળવાર રોજે કર્ણાટક પ્રાંતના હુબલી નગર સંઘમાં પ.પૂ.આ.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ની ૧૩મી દીક્ષા તિથિ નિમિત્તે શ્રી ઋષી મંડલ સ્ત્રોત અભિષેક કરી ધર્મ આરાધના ભવ્ય રીતે કરાઈ હતી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અદ્દ્ભૂત ઉત્સાહ સાથે જોડાઈ ધન્ય ધન્ય લાભ લીધો હતો.



# પ.પૂ.પ્રવર્તિની મહત્તરા સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા. સંયમ જીવનના ૬૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



તેરા ગામના માવિત્ર માતુશ્રી મોંઘીબેન ડુંગરશીભાઈ દંડના ધર્માનુરાગી કન્યા રત્ન સંયમ જીવન સ્વીકારવાના દૃઢ નિશ્ચય સાથે વિક્રમ સંવત ૨૦૧૫ના પોષ સુદ તેરસ તિથિ દિને લાયજા નગરે પ.પૂ.મુનિરાજ શ્રી ચંદનસાગરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના વિકટ પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં કરાવતાં સાહેબજી સંયમ જીવનના રજત સુવર્ણ, હીરક, વર્ષને પાર કરી ૬૭ વર્ષ પૂર્ણ વિક્રમ સંવત ૨૦૮૨ના પોષ સુદી ૧૩ તિથિ દિને સાહેબજી ૬૮ મા વર્ષમાં ભવ્ય પ્રવેશ કર્યો છે. ૬૭ વર્ષના પ્રવાસ વર્ષમાં તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ પ્રવર્તિની મહત્તરા મુખ્યા સાધ્વીની પદવી આપી સન્માન ગૌરવ કર્યું છે. આ સિધ્ધિ ભરી પદવી ધારણ કરી મહારાજ સાહેબ અમૃત વર્ષ, ઓળંગી સિધ્ધિ શિખર શતાબ્દી વર્ષના ઉચ્ચ શિખરે બિરાજમાન થાય એવી આજના સપરમા દિને ગુરૂ ભક્તોની શુભ ભાવના, મંગલ કામના છે. શત શત વંદના મહારાજ સાહેબને.

# પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૧૩ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ કોઠારાના માવિત્ર દમયંતીબેન હિરજી લોડાયાના ધર્મ સંસ્કારી સુપુત્રી આત્મકલ્યાણના માર્ગે આગળ વધવાના નિર્ધાર સાથે વિક્રમ સંવત ૨૦૬૯ પોષ સુદ ૧૨ તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે મુલુંડ ઈસ્ટ નગરે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.નો સ્વીકારી તેમના શિષ્યા તરીકે નૂતન દીક્ષાર્થી નામ પ.પૂ.સાધ્વી શ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા. સાથે સંયમ જીવનના માર્ગે આગળ વધયા.


આજે વિક્રમ સંવત ૨૦૮૨ના પોષ સુદી ૧૨ તિથિ દિને સાહેબજી ધર્મ-તપ-ભક્તિ-આરાધના કરતા કરાવતા સંયમ જીવનના ૧૩ વર્ષ અદ્‌ભૂત ભાવ સાથે પૂર્ણ કરી ૧૪ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભ દિને ગુરૂભક્તોની કામના છે કે પૂજ્ય સાહેબજી આવી જ રીતે સંયમ જીવન પથ પર અવિરત આગળ વધતા રહી રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી પણ આગળ વધી સિધ્ધિ શિખર એવા શતક વર્ષના ટોચે બિરાજમાન થાય. એ મંગલ ભાવના સાથે સાહેબજીને શત શત વંદના.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરી થી ફેબ્રુઆરી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૩/૪ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી આયોજિત માથેરાન સહેલગાહ પ્રવાસ. નામ નોધણીઃ તા. ૨૮.૧૨.૨૫ સુધી. સંપર્કઃ મો. ૯૩૨૧૭૦૫૫૧૧ |
| તા. ૩ થી ૫ જાન્યુઆરી ૨૦૨૬ | દેવલાલી મા શ્રીમતી માલતીબેન જયંત સોની અનંત આરોગ્ય ધામ સંકુલમાં શ્રી નવલ સદગુણા નવગ્રહ ધ્યાનાલયનો ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠ્ઠમ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | સેવક ભરુડીયા દંડ પરીવારના કુળદેવી શ્રી સચ્ચામા ની સમુહ પહેડી તથા સ્નેહ મિલન : સવારે ૮.૩૦ ક. થી : જૈનમ હોલ, ભાડુંપ |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા વાર્ષિક સામાન્ય સભા બપોરે ૨.૩૦ ક. થી, સ્નેહમિલન સાંજે ૫.૦૦ ક. થી જૈનમ હોલ, ભાડુંપ. |
| તા. ૨૦/૨૧/૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયના ૧૬૮ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયના ૨૦૫ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | ગોરંગ બાલુડો પોલડીયા પરીવાર આયોજિત ગોએરસમા રંગપુર બારોઈ બાયઠ લુણી તથા ડુમરા (ગોરંગ બાલુડો) ના પોલડીયા પરીવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની પંદરમી પહેડી સવારે ૮.૦૦ ક. થી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા. |
| તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.૦૦ ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |
| તા. ૨૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.૦૩ કલાકે થી. |
| તા. ૦૮ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.૦૩ કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હીરજીભાઈ દંડ**
તા.૨૬ ડિસેમ્બર (ઉ.૮૪)
મંજલ રેલડીયા-અબડાસા



**પંકજભાઈ લાલકા**
તા.૨૯ ડિસેમ્બર (ઉ.૫૬)
વારાપધ્ધર-અંજાર




**હેમંતભાઈ જીવાણી**
તા.૩૧ ડિસેમ્બર (ઉ.૬૦)
જખૌ-વર્ધમાનનગર



**અનિલભાઈ મૈશેરી**
તા.૧ જાન્યુઆરી (ઉ.૮૪)
જખૌ-આકોટ



**ગુણવંતીબેન લોડાયા**
તા.૧ જાન્યુઆરી (ઉ.૯૬)
તેરા-કારંજા



**દક્ષાબેન છેડા**
તા.૧ જાન્યુઆરી (ઉ.૬૬)
સુજાપર-મુલુંડ



**હીનાબેન મોમાયા**
તા.૨ જાન્યુઆરી (ઉ.૫૮)
જલગામ-બારોઈ



**નિર્મલાબેન મોતા**
તા.૨ જાન્યુઆરી (ઉ.૭૮)
જસાપર-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અંજાર તાલુકાના નાગલપર ગામના ગૌ સેવા અને સ્વદેશી ઉત્પાદનના હિમાયતી મેઘજીભાઈ હિરાણ નીલકંઠ ગૌવિજ્ઞાન કેન્દ્ર ચલાવે છે. ગોબર, ક્રાફ્ટનું ધાર્મિક અને ઔષધિય મહત્વ રજૂ કરવા સાથે કલાત્મકતા જોડી ગ્રામીણ સ્તરે રોજગાર ક્ષમ, બજાર ઊભું કરવામાં સક્ષમ આ કેન્દ્રએ ચાલુ વર્ષે ત્રણ લાખ દીવડા, તોરણ અને લટકણ બનાવવામાં આવ્યા છે. કચ્છ ઉપરાંત સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ વિગેરે સ્થળોએ ગોબર ક્રાફ્ટની વિવિધ ૨૫ આઈટમ બનાવીને મોકલાવવામાં આવે છે. અત્રે ગાયના ગોબરથી બનાવેલા દોઢ લાખ દીવાથી છતીસગઢનું હરિકૃષ્ણ મંદિર પ્રકાશમય બન્યું હતું.

● અંજાર તાલુકાના વેલસ્પન ઉદ્યોગ સમૂહના ફાઉન્ડેશન દ્વારા વેલસ્વાસ્થ્ય પ્રકલ્પ તળે ગ્રામીણ સમુદાયમાં પોષણ અને આરોગ્ય સંભાળ માટે  જાગૃતિ કેળવવા અંજાર તાલુકાના ૧૦ ગામોમાં શેરી નાટકો યોજીને લોકોને માહિતગાર કરાયા હતા. નાટકમાં બાળકો કિશોરો માટે સંતુલિત પોષણના મહત્વ ઉપર વિશેષ ભાર મૂકાયો હતો. નાટકના માધ્યમથી સ્વસ્થ અને બિન આરોગ્યપ્રદ ખોરાકની આદતો વચ્ચેનો તફાવત સારા સ્વાસ્થ્ય માટે સ્વચ્છતા પધ્ધતિઓ, રસીકરણનું મહત્વ, સ્તનપાન અંગે જાગૃતિ, માતાઓ માટે પ્રસુતિ પહેલા અને પછીની સંભાળથી લકોને જાગૃત કરાયા હતા.

● અંજારના મહેશ્વરી વાસમાં માતંગ ડેલી ખાતે પૌરાણિક ચોપડાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. કોઈક સમયે એનું સ્વરૂપ ડેલી જેવું હતું. જેને લીધે આજે પણ માતંગ ડેલી કહેવાય છે. ડેલીના અંદરના ઓરડામાં ગણેશ મંદિરમાં જૂના સમયના પુસ્તકો છે. એ ચોપડામાં મહેશ પંથને લગતું સાહિત્ય છે. આ ચોપડાઓનું લખાણ લિપિ જૂની ગુજરાતી અને જે ગુરૂમુખી લિપિને મળતી આવતી હોવાનું અને આ સાહિત્ય ૧૫૦ થી ૨૦૦ વર્ષ જૂનું હોવાનું લેખક માવજીભાઈ મહેશ્વરીનું કહેવું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના અવસરે ધર્મગુરૂ ખીમજીભાઈ ધનજીભાઈ માતંગ અને પરિવાર તરફથી પૂજા આયોજન કરાયું હતું. પૂજા વિધિમાં અંજાર મહેશ્વરી સમાજ પ્રમુખ ખીમજીભાઈ સિંધવ જોડાયા હતા. ઘણી માતંગ દેવ સ્થાપિત બારમતી પંથ અને મહેશ સંપ્રદાય વિશે વધુ માહિતી મેળવી શકાય એ માટે જૂની ગુજરાતી કે ગુરૂમુખીઓના જાણકાર હોય તો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

● પ્રાચીનતાના ભવ્ય ભૂતકાળને સાચવી બેઠેલા ઐતિહાસિક લખપતમાં પુરાત્વ અવશેષો ધીરે ધીરે નષ્ટ થઈ રહ્યાં છે. જો તેની યોગ્ય મરમત નહી કરાય તો લખપતનો ભૂતકાળ ફક્ત પુસ્તકોના પાનામાં રહી જશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. સિંધુ નદીનું વહેણ ચાલુ હતું ત્યારે લખપત બંદરે લાકડા, સૂકામેવા, અનાજના મોટા વેપારીઓ જેમના મોટા વહાણ દરિયામાં વ્યાપાર અર્થે ચાલતા અને ગઢ અંદર આવેલા કસ્ટમ કચેરીમાં દાણ પેટે કોરી વસૂલાતી. પોણી ૫૭ કોરીની પહોંચ હજુ પણ ધનશ્યામ શેઠના વંશજ સુરેશભાઈ પુરોહિત પાસે સાચવેલી પડી છે. રસીદ નં ૩૭૬ શ્રી કચ્છ દરબારની રસીદમાં તે સમયના કારકૂન જાન મહમદે સહી કરી સંવત ૧૯૬૩ લખી છે. જેને ૧૧૯ વર્ષ થઈ ગયા છે.

● કેન્યાના બંદરીય શહેર મોમ્બાસા ખાતે મહિલા મંડળ દ્વારા દિવાળી તહેવારની ઉજવણી અંતર્ગત દરિયાની અંદર વિષય પર કચ્છી મહિલાઓએ બેનમૂન રેત રંગોળી દોરેલી જે ભારે આકર્ષણ જમાવ્યું હતું. છેલ્લા બે વર્ષથી ભારતીય સંસ્કૃતિની અભિવ્યક્તિ રૂપે કચ્છી મહિલાઓ રંગોળી સ્પર્ધા યોજી રહી છે. ચાલુ વર્ષે ૧૬૩ જેટલી બહેનોએ હસ્ત કૌશલની લહાણી કરી હતી. જેમાં નવ પુરૂષોએ પણ ભાગ લીધો હતો. આ રેત રંગોળીમાં રેતરંગ ઉપરાંત કોડી, છીપલાં મોતી અને પેન્સિલ રંગનો ઉપયોગ કરાયો હતો. દરિયા જીવો, વનસ્પતિના આકારે સૂર્યના પ્રકાશ કિરણોને રંગોળીમાં તાદશ કરાયા હતા. ભાગ લેનાર દરેકને પ્રોત્સાહન ઈનામો અપાયા હતાં.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank